વિરામ બાદ શ્રી સુભાષભાઇ'અક્ષર' ની ગઝલની મહેફીલ જમાવી. પ્રાપ્તિ પંચોલી તેમજ સીયા પંચોલીએ ડાન્સ રજુ કર્યો. રૂદ્ર પંચોલીએ જોકસ, સ્ટોરી અને શ્લોક રજુ કર્યા. ડો. સૂર્યકાંતભાઇ પંચોલીએ યુવાનોને કેનેડા જવા અંગે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા. અને ત્રણ W ને યાદ કરાવ્યા.. વાઇફ, વેધર અને વર્ક..

પદ્મકાંતભાઇએ કવીઝનું આયોજન કર્યુ. સાચા જવાબ આપનારને ચોકલેટથી ખુશ કર્યા. ઉપપ્રમુખશ્રી નારણભાઇ પંચોલીએ કાર્યક્રમને સફળવા બદલ તન-મન અને ધનથી પોતાનું યોગદાન આપવા બદલ સૌનો આભાર માન્યો. સ્ટેજ પર સમૂહ ડાન્સનો આનંદ માણ્યો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતિ અર્ચના યોગેશભાઇ પંચોલી તેમજ મોનિકા હિતેષભાઇ પંચોલી દ્વારા કરવામાં આવ્યું. અંતમાં ચ્હા-કોફીને ન્યાય આપી કાર્યક્રમની સફળતા બદલ એકબીજાને અભિનંદન આપી છુટા પડયા.

આજના કાર્યક્રમ પ્રસંગે મળેલ દાન.....

| | |
|---|---|
| ૫૦૦૧ | શ્રી બીપીનચંદ્ર ચંદુલાલ પંચોલી-USA |
| ૫૦૦૦ | સ્વ. શાંતાબેન તથા સ્વ મણીલાલ પંચોલીના સ્મરણાર્થે શ્રી પ્રવીણભાઇ મણીલાલ પંચોલી |
| ૪૦૦૦ | ડો. અલ્પેશ દિનબંધુ પંચોલી |
| ૩૦૦૦ | શ્રી ધર્મેશ ચંદ્રકાંતભાઇ પંચોલી |
| ૧૫૦૦ | શ્રી ચીમનલાલ ચુનીલાલ પંચોલી |
| ૧૨૦૦ | સ્વ. સૂરજબેન તથા સ્વ. મફતલાલ પંચોલીના સ્મરણાર્થે પરીવારજનોલં તરફથી |
| ૧૦૦૦ | શ્રી પ્રવિણ(કિશોર)ચંદ્ર ચીમનલાલ પંચોલી |
| ૧૦૦૦ | શ્રી ઉમંગલાલ રણછોડદાસ પંચોલી |
| ૭૦૦ | શ્રી રમેશચંદ્ર નટવરલાલના સ્મરણાર્થે કસુમબેન તરફથી |
| ૫૦૦ | શ્રીમતી નીતાબેન હરેશકુમાર પંચોલી |
| ૫૦૦ | સ્વ. રમેશચંદ્ર નટવરલાલ પંચોલીના સ્મરણાર્થે સચિનભાઇ તરફથી |
| ૫૦૦ | શ્રી નારણભાઇ ઓચ્છવલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ અંજનાબેન જીજ્ઞેશકુમાર પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ ઈન્દુબેન નટવરલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી વિઠ્ઠલદાસ નગીનદાસ પંચોલી |
| ૫૦૦ | શ્રી નવિનચંદ્ર ચીમનલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી જગદીશભાઇ છીતાભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી અશ્વિનભાઇ મુળજીભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી દિનેશભાઇ સંતસેવક પંચોલી |
| ૫૦૦ | રતીલાલ કેશવલાલ પંચોલી - બરકાલ |
| ૫૦૦ | શ્રી ધીરજભાઇ સી. પંચોલી |
| ૫૦૦ | શ્રી સતિષચંદ્ર નગીનદાસ પંચોલી |
| ૫૦૦ | શ્રી નિષિત ચંપકલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી શરદભાઇ બળદેવભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી ચંદ્રકાંત ચંદુલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ કોકીલાબેન મધુસુદનભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી ભાવિનકુમાર કંચનલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ કુસુમબેન બીપીનચંદ્ર પંચોલી |
| ૫૦૦ | શ્રી ગોપાલભાઇ છોટાલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી કમલેશભાઇ ગોવિંદભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી મુકેશભાઇ હસમુખભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ હીરાબેન ચીમનલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી દયારામ હીરાલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી હસમુખલાલ હીરાલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી પરેશકુમાર સુંદરલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ સવિતાબેન અંબાલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ આનંદીબેન નરેશભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ યોગીનાબેન અશોકભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ ભૂરીબેન અરૂણકુમાર પંચોલી |
| ૫૦૦ | શ્રી ગૌરાંગ હસમુખભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી હિતેશભાઇ કિશનલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી પ્રશાંતભાઇ મુકેશભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી નગીનભાઇ એસ. પંચોલી |
| ૫૦૦ | શ્રી પ્રતિક ભરતભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ જ્યોતિબેન કે. પંચોલી |
| ૫૦૦ | શ્રીમતિ ભાવનાબેન કૌશિકભાઇ પંચોલી |
| ૫૦૦ | શ્રી સુકદેવભાઇ હીરાલાલ મગનલાલ પંચોલી |
| ૨૫૧ | શ્રી બીપીનચંદ્ર બાબુલાલ પંચોલી |
| ૨૫૧ | શ્રી મધુસુદન સી. પંચોલી |
| ૧૦૧ | શ્રી ઈશ્વરભાઇ છગનભાઇ પંચોલી |
| ૧૦૧ | શ્રી પંકજકુમાર કેશવલાલ પંચોલી |

ડો. અલ્પેશ દિનબંધુ પંચોલી તરફથી રૂા. ૪૦૦૦ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા એમના દાદાશ્રી સ્વ. મનહરલાલ અંબાલાલ પંચોલી(રાજપીપલા)ના સ્મરણાર્થે પાંચ વર્ષ માટે આપવાની જાહેરાત કરી છે. તથા સ્વ. સૂરજબેન તથા સ્વ. મફતલાલ પંચોલીના સ્મરણાર્થે ઇનામ સ્પોન્સર કરવામાં આવ્યા હતા. ડો. પદમાબેન તથા શ્રી રવિન્દ્રભાઇ પંચોલી તરફથી વિશિષ્ટ સિદ્ધિ મુેળવનાર ચિ. દ્વનિ નિલેશભાઇ મપારા તેમજ જય સૌરભભાઇ પંચોલીને સન્માનિત કરવામાં આવ્યા... સર્વે દાતાઓનો શ્રી પંચોલી સમાજ વડોદરા આભાર માને છે...

નવયુગ શુભચિંતક   સ્વ. પરસોત્તમદાસ દાજીભાઇ પંચોલી   નવસારી   શ્રી પ્રતાપભાઇ ગુલાબભાઇપંચોલી   નવસારી

# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

## પાંચ પ્રશ્નો...

નીચે આપલા પાંચ પ્રશ્નો છે, જે દરરોજ આપણી જાતને પૂછીએ તો રલજબરોજના કાર્યમાં સદાચાર અને નિતિમત્તા જાળવવામાં મદદરૂપ થાય છે.

પ્રથમ પ્રશ્ન : શું આજે મેં મારા સદગુણોનો અમલ કર્યો ? આ સદ્ગુણો આપણને આપણાં માતા-પિતા અને પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા મળે છે. જેવા કે નિતીમત્તા, વિશ્વસનીયતા, પ્રામાણિકતા, દયા,

બીજો પ્રશ્ન : આજે મેં કોઇ ખરાબ કામ કરતાં સારું કામ વધારે કર્યુ છે ? અથવા એવો પ્રયાસ પણ કર્યો છે ?

ત્રીજો પ્રશ્ન : આજે મે લોકો સાથે તેમનું માન અને ગૌરવ જળવાય તેવો વ્યવહાર કર્યો ? બધા જ માનવી સાથે તેમનું ગૌરવ જળવાય તેવો વ્યવહાર કરવો જ જોઇએ. લોકોને તેનો મુળભૂત અધિકાર છે, નૈતિક હકક છે.

ચોથો પ્રશ્ન : શું આજે નિષ્પક્ષ અને ન્યાયી રહ્યો હતો ? આજે મેં દરેક વ્યકિત સાથે સમાન વ્યવહાર કર્યો છે ? મેં કોને લાભ અપાવ્યો અને હું કોના માટે બોજરૂપ બન્યો ?

પાંચમો પ્રશ્ન : શું મેં મારા સમુદાયના સારા માટે કંઇક કર્યું. સમુદાયમાં તમારા પાડોશી પણ હોય શકે, તમારા એપાર્ટમેન્ટમાં રહેતા લોકો, કંપનીમાં સાથે કામ કરતા લોકો પણ હોય શકે તમારો જ્ઞાતિ સમાજ પણ હોય શકે..

આપણી માન્યતા છે કે આ વિશ્વ વધુ સુંદર સ્થાન બને તે માટે પરિવર્તનની પ્રક્રિયા દરેક વ્યકિતથી જ શરૂ થવી જોઇએ. દરેક વ્યકિતએ ખોટા સામે સાચું પસંદ કરવું પડશે. સૌના સારા માટે જ સારૂ કામ કરવું પડશે, તિરસ્કારને બદલે પ્રેમ કરવો પડશે. અનિષ્ટ અને વિનાશકારી હોય તે તમામનો વિરોધ કરવો પડશે. કોઇ સજીવને આઘાત ન પહોંચે તેની કાળજી રાખવી પડશે.

આપણા સૌની મનની અંદર એક ખોટીવાત વાઇરસની જેમ ઘુસી ગઇ છે. કે આપણી આસપાસ બહુ સારી વસ્તુઓ કે શુભ બાબતો છે જ નહીં. ખરેખર આપણી આજુબાજુ આસપાસ જરૂર કરતાં પણ અનેક સર્જનાત્મક ખ્યાલો રહેલાં છે. જરૂર કતાં વધુ પ્રેમ છે. જોઇએ તેના કરતાં વધુ ઉત્સાહ છે. જો તમે તેમાં માનશો, જો તમે તેને નિહાળી શકશો, જો તમે તે પ્રમાણે કાર્ય કરશો તો તે તમારી સામે પ્રગટ થશે આજ સત્ય છે...

સાભાર : 'પરાત્પર' એ.પી.જે. અબ્દુલ કલામ

## પ્રભાતના પુષ્પો...

આકાશની વિશાળ શય્યામાં જ્યારે સૂરજદાદાની વિરાટ કાયા ઢળી પડી ત્યારે અમને ભાન થયું કે હવે થોડા વખતમાં જ ચારે બાજુ અંધકાર છવાય જશે અને એમની આ સ્થિતિ જોઇને અમારું હૈયું ભરાઇ આવ્યું.

બે હાથ જોડીને અમે બોલ્યા 'સૂરજદાદા ! તમારી આ સ્થિતિ અમારાથી જોઇ શકાતી નથી. અમારા હ્દયમાં પારાવાર વેદના ભરી છે. અમે જ અમારા પ્રાણ છો, અમારા આત્મા છો. દાદા, બેઠા થાઓ, તમો જશો તો અંધકાર ફેલાય જશે અને અમારા માટે જીવવું અશકય બની જશે. આટલું કહેતાં તો અમારી આંખો ભીની થઇ ગઇ. ઘણું કહેવું હતું, પણ શબ્દો ગળામાં જ રહી ગયા અને અમારા માનાં કેટલાક તો રુદન કરવા લાગ્યા. આ જોઇને તમે કહ્યું 'જેનો ઉદય છે એનો સદા અસ્ત છે. અને એથી જ હું કહું છું કે મસ્ત બનીને રહો.

ઉદય અને અસ્ત નામના આ બે જે કિનારા છે એની વચમાં જે પ્રવાહ વહે છે એજ સાચું જીવન છે. નદીનો કિનારો ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી એ વહે છે. એમાંથી જ્યારે જળ સુકાય જાય છે ત્યારે કિનારા એની મેળે જ અદ્રશ્ય થઇ જાય છે. આ સત્ય મેં તમને સમજાવ્યું છે અને છતાં તમે ભુલી જાઓ છો એજ તમારા દુઃખનું કારણ છે.

'બીજી અગત્યની વાત જે આજ સુધી મેં તમને નથી જણાવી એ હવે જણાવું છું. તમારી આંખમાંથી આંસુ દૂર કરો, કારણ કે જો આંખો ભીની હશે તો મારા ગયા પછી રાત્રિનું જે અદ્ભૂત સૌદર્ય નીખરી ઉઠે છે એ સૌદર્યનો પરમ આનંદ જો માણવો હોય તો તમારી આંખો નિર્મળ રાખો...

સાભારઃ ચિત્રલેખા- લે. વજુ કોટક

# હું તો જાણું છું ને....!

સવારના ૯ વાગ્યાની આસપાસનો સમય હતો. ૭૦ વર્ષના દાદા નર્સિંગ હોમમાં વેઈટીંગ રૂમમાં તેમના હાથમાં લીધેલા ટાંકા કઢાવવા બેઠા હતાં. ડયુટી પરની નર્સ પોતાના કામમાં વ્યસ્ત હતી. પોતે ઉતાવળમાં છે એવું દાદાએ નર્સને બે વખત વિનંતી કરી જોઇ. અંતે નર્સે એમનો કેસ હાથમાં લીધો. ડ્રેસીંગ ખોલી ડોકટરને બતાવવા દાદા અંદર ગયા. ઘાવ રૂઝાય ગયો હોય ડોકટરે નર્સને ટાંકા કાઢી નાંખવાની સુચના આપી.

નર્સે દાદાને ટેબલ પર સુવડાવ્યા. પછી પૂછ્યું 'દાદા તમે તો રીટાયર્ટ છો. તમારી ઉતાવળનું કારણ હું જાણી શકું..' કોઇ બીજુ અરજન્ટ કામ છે ?

'ના બહેન, પરંતુ નવજીવન હોસ્પિટલમાં મારી પત્નીને દાખલ કરેલી છે. એની સાથે નાસ્તો કરવાનો સમય થઇ ગયો છે. છેલ્લા ૫ વર્ષથી સવારે સાડા નવે એની સાથે નાસ્તો કરવાનો મારો ક્રમ અતૂટ રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષથી મારી પત્ની એ નર્સીંગ હોમમાં દાખલ થયેલ છે.

' ૫ વર્ષથી ? શું થયું છે એને ?' નર્સે પૂછ્યું. 'એને સ્મૃતિભ્રેશ (અલ્ઝાઇમર્સ) નો રોગ થયો છે' દાદા એ કહ્યું.

મોં પર સહાનુભૂતિના ભાવ સાથે નર્સે ટાંકા કાઢવાની શરૂઆત કરી.

નર્સે ફરીથી પૂછ્યું 'દાદા તમે મોડા પડશો તો તમારા પત્ની ચીંતા કરશે કે તમને ખીજાશે ખરા ?

દાદા બે ક્ષણ નર્સ સામે જોઇ રહ્યા પછી બોલ્યા 'ના, જરાપણ નહીં. એ ચીંતા પણ નહીં કરે અને ખીજાશે પણ નહીં. કારણ કે છેલ્લા પાંચ વરસથી એની યાદશકિત સંપૂર્ણ પણે ચાલી ગઇ છે. એ કોઇને ઓળખતી જ નથી. હું કોણ છું એ પણ એને ખબર નથી ?'

નર્સને અત્યંત નવાઇ લાગી. એનાથી પુછાય ગયું 'દાદા' જે વ્યકિત તમને ઓળખતી પણ નથી. એના માટે છેલ્લા પાંચ વર્ષથી નિયમિત નર્સીંગ હોમમાં જાઓ છો ? તમે આટલી કાળજી લો છો. પરંતુ એને તો ખબર જ નથી કે તમે કોણ છો ?

દાદાએ નર્સનો હાથ હાથમાં લઇ હળવેથી કહ્યું. 'બેટા ! એને ખબર નથી કે હું કોણ છું, પણ મને તો ખબર છે ને કે એ કોણ છે ?

દાદાની આંખોના ખૂણામાં ભીનાશ આવી ગઇ અને નર્સની આંખમાં આસું !

સાચો પ્રેમ એટલે સામી વ્યકિત જેમ છે તેમ, જેવી છે તેવી, સંપૂર્ણ સ્વીકાર.....

# અધુરી કહાની......

જીવનની ઢળતી સંધ્યાએ દોલતભાઇ જીવનસંગીની સવિતા અને પુત્ર અને પુત્રવધુ તથા બે પૌત્રો સાથે નાના ભાડાનાં ઘરમાં અજંપાભર્યુ જીવન જીવતા હતા. આજે ઉંઘ આવતી ન હતી. પડખાં ફેરવી થાકયા એટલે બાથરૂમ તરફ ગયા. પણ પગ થંભી ગયા.

બેડરૂમમાં પુત્ર રોનક તથા પુત્રવધુ રશ્મી ના ગુસ્સા ભર્યા સંવાદ સંભળાયા. રશ્મિ કહે : ' હું તો કંટાળી ગઇ છું. કાયમની કચકચથી, આખો દિવસ વૈતરું કરવાનું, મારા પણ કંઇ અરમાન હોય કે નહી ?

રોનક કહે : 'થોડી ધીરજ રાખ, બધુ સારું થઇ જશે..' રશ્મિ કહે : 'ના હવે હું આ ઘરમાં એક પણ દિવસ રહેવા માંગતી નથી... કયાં હું નહી... કયાં આ ડોસા ડોસી નહીં... મુકી આવો ઘરડાં ઘરમાં..

રોનક કહે એ કેવી રીતે બને ? કેટલી તકલીફ ભોગવીને તેમણે મને મોટો કર્યો.... ભણાવ્યો.. ગણાવ્યો..અને પરણાવ્યો.. અને.....

દોલતભાઇ વધુ સાંભળી ન શકયા.. તરત જ પત્નીને ઉઠાડી અને કહ્યું.. આપણે હવે સત્વરે આપણા પુત્ર રોનકની જિંદગીમાંથી હટી જવું જોઇએ.. તુ તરત કપડાંની બેગ તૈયાર કર થોડા ઘરેણાં અને પૈસા છે તે લઇ લે.. સવારે ૫ વાગે દેહરાદૂન એકસપ્રેસમાં બેસી જઇએ.. તારી હરીદ્ધારની જાત્રા કરવાની મનોકામના હતી તે પુરી થશે... ગંગામાની આરતી કરીશું અને આપણે સાથે ગંગામાંની ગોદમાં સમાઇ જઇશું..

સવારે રોનક ઉઠયો... ઘર સુમસામ હતું.. ઘરના બારણાં ખુલ્લા હતાં. બધે શોધી વળ્યો પણ નિરાશા.. અંતે ચીસ પાડી ઉઠયો... પપ્પા... મમ્મી... અને ફસડાય પડયો... પછી આગળ...

નોંધ ઉપરની વાર્તા ૨૦૦ શબ્દોની મર્યાદામાં પુરી કરો અને સુંદર શિર્ષક પણ આપશો.. પ્રથમ વિજેતાને રૂા. ૫૦૦/- દ્ધિતીય વિજેતાને રૂા. ૨૫૦/- નું ઇનામ ડો. મહેશભાઇ મિસ્ત્રી તરફથી આપવામાં આવશે.. અધુરી વાર્તા મોકલવાની છેલ્લી તારીખ તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬ છે.. તો ચાલો નવયુગ મળે સત્વરે અધુરી કહાની પુરી કરી ડો. મહેશભાઇને મોકલી આપો...

ડો. મહેશ મિસ્ત્રી-ડો. મિસ્ત્રીનું દવાખાનું, જોશીયા ફળીયા, અંકલેશ્વર - ૧ વોટસ અપ નં. ૯૮૨૫૨૮૨૭૮૯

# ટુંકી વાર્તા – પંકજમ્મા

લગ્ન થયા ત્યારે સંગીતાને સોનાનો એક પણ દાગીનો ન આપી શક્યાનો રંજ સંદીપના મનમાં હંમેશા રહેતા.. જ્યારે પણ દાગીના લેવા જેટલી રકમ ભેગી થાય ત્યારે કોઇને કોઇ મોટો ખર્ચ અણધાર્યો આવી પડે ને બધી બચત એમાં જ પુરી થઇ જાય. માની લાંબી માંદગી, માનું મૃત્યું. સંગીતાની સુવાવડ હોય કે પછી બાળક માટેના નાના મોટા ખર્ચા.. આ બધાને કારણે સંગીતા માટે આભૂષણ લેવાની વાત મનમાં જ રાખવી પડી હતી. એકાએક મ્યુચ્યુઅલ ફંડમાં રોકેલી મૂડીમાં સારો એવો ઉછાળો આવ્યો અને મોટી રકમ હાથમાં આવી..

ખુશખુશાલ સંગીતાએ જવેલરીની દુકાનમાં પોતે પસંદ કરેલી બંગડી સંદીપને બતાવતા કહે ' જુઓ તો, મને આ બંગડીની ડિઝાઇન બહુ ગમી. તમને કેવી લાગી ?

તને જે પસંદ પડે તે લઇ લે પણ સાથે બીજી એક જોડ બંગડી પણ પસંદ કરજે. 'બે બે બંગડી ?' તારા માપની નહીં તારા કરતાં દોઢ મોટા કાંડા માટે બંગડી લેવાની છે.

એટલી મોટી બંગડી કોને માટે લેવી છે..? સમજાય એવું બોલો.. સંગીતાએ મુંઝાઇને કહ્યું.

અત્યારે મારા કહ્યાં પ્રમાણે બે જોડ બંગડી લઇ લે..હું ઘરે જઇને બધી વાત કરીશ..

જમવાનું પતાવીને સંગીતા સોફા પર બેસીને નવી ખરીદેલી બંગડી પહેરીને જોવા લાગી. ત્યારે સંદીપે એની બાજુમાં બેસીને બંગડીની બીજી જોડ હાથમાં લીધી. બંગડી પર સ્નેહથી હાથ ફેરવતાં એની આંખોમાં ઝળઝળીયા આવી ગયાં.

'સંગીતા, મારું બાળપણ અને કિશોરાવસ્થા પારાવાર મુશ્કેલી અને કારમી ગરીબીમાં વીત્યાં. મા-બાપનો હું એક માત્ર દિકરો. જેમ તેમ કરીને બે ટંક ભોજનનો મેળ પડતો હતો. ત્યાં બે દિવસની માંદગીમાં બાપુ મરણ પામ્યા. માત્ર બે વીઘા ખેતીલાયક જમીનને સહારે અમે ટકી ગયાં. મેટ્રીક પાસ થઇને મને થયું બસ, હવે આગળ ભણવા કરતાં માને મદદ કરવી.

મેં ભલે આગળ ન ભણવું નકકી કર્યુ પણ માની જીદ આગળ મારું કંઇ ના ચાલ્યું. માએ હાથ જોડીને કહ્યું ' મારે ખાતર પણ તું ભણ. બેટા ભણેલું તને આખી જિંદગી કામ લાગશે..

પણ આપણાં ગામમાં તો કોલેજ નથી. તમારે શહેરમાં જવું પડ્યું હશે ?

ગામના એક છોકરા સાથે શહેરમાં રહેવાની વ્યવસ્થા તો થઇ ગઇ પણ પૈસા વગર ખાવું શું ? માએ બાંધી આપેલા ગોળચણા ખાઇ, એની ઉપર પાણી પીને બે દિવસ તો કાઢયા. ત્રીજે દિવસે ખબર પડી કે પંકજમ્મા નામની એક સ્ત્રી વિદ્યાર્થીઓ માટે રસોડું ચલાવે છે. જેને સગવડ હોય એ પૈસા આપે અને ન હોય એ મફત જમી જાય, શું વાત કરો છો ? સાવ મફત જમાડે ? આવું તો પહેલાં સાંભળ્યુ નથી.

હા, પંકજમ્મા પોતે અલગ હતાં. તેઓ સ્ત્રીનાં કપડાં પહેરતાં, ગળામાં સોનાની ચેન અને હાથમાં સોનાની બંગડી પણ પહેરતાં પણ એ પુરુષ પણ ન હતા અને સ્ત્રી પણ ન હતાં.

એટલે ? એટલે કે એ... સંગીતાનું મો આશ્ચર્યથી ખૂલી ગયું. હા, પણ મહેરબાની કરીને તું પાવૈયા કે હીજડા જેવો શબ્દ ન વાપરીશ.. એ અમારા સૌની માં હતા, વાત્સલ્યમૂર્તિ માં.. તેઓ માનતા કે, આ જન્મમાં ભલે પોતાની કુખે એ બાળકનો જન્મ ન આપી શક્યાં પણ આટલાં વિદ્યાર્થીને જમાડીને પોતાનાં સંતાનોને જમાડયાનો સંતોષ તો મેળવું...

એક વખત ગામમાંથી તાર આવ્યો કે, માની તબિયત ખરાબ છે. હવે મારી પાસે ગામ જવાના પૈસા નહીં. મા પાસે જાંઉ તો કેવી રીતે ? જમવા માટે ગયો તો ખરો પણ મોંમાં કોળીયો ન મુકી શકું. આંખમાંથી ચોધાર આંસુ વહ્યા જાય.

પંકજમ્માનું ધ્યાન ગયું એમણે પુછ્યું. મેં રડતાં રડતાં બધી વાત કરીને કહ્યું કે, એક વખત વગર ટિકિટે પણ મા પાસે પહોંચી જાઉ પછી મારે ભણવું નથી. પંકજમ્માએ સ્નેહથી મને ગળે વળગાડયો. મારા હાથમાં બસો રૂપિયા મૂકીને કહ્યું.. 'જા માને મળીને પાછો આવ, ભણવાનું છોડવાનું ભુલેચુકેય ન વિચારતો..'

'મારે ને એમને પછી તો ગાઢ સ્નેહનો સંબંધ થઇ ગયેલો. એ કહેતાં કે, એમના માતા-પિતાનું એ એક જ સંતાન હતાં પંકજમ્માની આવી પરિસ્થિતિ હોવા છતાં માબાપે એમને તરછોડયાં ન હતાં. પોતાની બધી સંપતિ એમના નામે કરી ગયાં એટલે પંકજમ્માને કદી તાબોટા પાડીને ભીખ માંગવાનો વારો ન આવ્યો.

'સંપતિના ટ્રસ્ટમાંથી એમણે છોકરાંઓને જમાડવાનું ચાલું કર્યુ. એમની ભલમનસાઇનો લાભ લઇને પૈસાપાત્ર વિદ્યાર્થીઓ પણ મફતમાં જમી જતાં. એક વખત ભીડમાં આવી જતાં એમણે પોતાની માની યાદગીરી રૂપ, પ્રાણપ્રિય બંગડી વેચવી પડી. તે દિવસે મેં એમને પહેલી વાર રડતાં જોયાં. ત્યારે મેં કહ્યું હતું કે 'પંકજમ્મા, તમારાં આંસુની સાક્ષીએ વચન આપું છું કે, તમારા હાથમાં એક દિવસ ફરીથી બંગડી પહેરાવીશ... ગળગળા સાદે સંગીતા બોલી 'મને મંકજમ્માના દર્શને કયારે લઇ જશો ???

નોંધ : 'હુતો જાણું છુ ને...' અને 'પંકજમ્મા' એ બે વાર્તા માંથી તમને કઇ ગમી ? What's Up પર જાણ કરશો...

નં. ૯૮૨૫૨ ૮૨૭૮૯

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર છગનલાલ પંચોલી બિલીમોરા શ્રી જનકભાઇ ત્રીભોવનદાસ પંચોલી બિલીમોરા

# આવો વિચારીએ.....

પંચોલી નવયુગ જાન્યુઆરી-૨૦૧૬ ૫૩ વર્ષની કઠિન યાત્રા, ક્યારેક ધીરે તો ક્યારેક ફૂલ સ્પીડે વહેતી રહી.. એનો સઘળો યશ હાલના તંત્રીશ્રી દિનેશભાઇ સાથે, પૂર્વ તંત્રીશ્રીઓની વિચક્ષણ બુદ્ધિ, કાબેલિયત, સમાજ સેવાની ભાવના અને લગન, ન્યોછાવર ભાવ.. વિના એક સમાજલક્ષી માસિક આટઆટલાં વર્ષોની મજલ કાપી જ ન શકે ? ત્યારે એક સભ્ય તરીકે ગૌરવની લાગણી અવશ્ય અનુભવું.

તંત્રીપદ... એક ગૌરવપ્રદ... પ્રતિષ્ઠિત જગ્યા..જ લેખાય. હંમેશા રહેશે.. જાન્યુઆરીમાં તંત્રીશ્રીએ વિવેકપૂર્ણ રીતે પોતાની વાત રજુ કરી. ક્યાંય આક્રોશ ના દેખાય... બીજી તરફ પ્રમુખનોંધમાં શ્રી મનિષભાઇએ વેદના વ્યકત કરી.. સમયસર ટકોર કરી.. જેમાં આ વાક્યો નોંધનીય છે.'તંત્રીશ્રી દ્વારા પૂરતી કાળજી લઇને તમામ જ્ઞાતિજનોને સંતોષ પ્રાપ્ત થાય એ રીતે કાર્ય કરે છે. ત્યારે સમાજ સેવા માટે પોતાનો કિંમતી સમય આપી સેવાનું આવુ કાર્ય કરતાં આવા તંત્રીશ્રી કે અન્ય હોદ્દેદારો પર કરવામાં આવતાં આક્ષેપો કેટલાં અંશે વ્યાજબી છે ? આવી ઘટના વખોડવા પાત્ર છે. આપણાં કુટુંબના પ્રશ્નોને કોઈપણ દિવસ સમાજ સાથે જોડવાનો પ્રયત્ન ન કરવો. આના કારણે કાર્યકરનું મનોબળ તૂટે...છે. આપણે સૌ મતમતાંતરો ભુલીને આદર્શ સમાજ બનાવવાની દિશામાં આગળ વધીએ..

હવે તંત્રીશ્રીની દુવિધા-આક્રોશ-મથામણની તરફ એક નજર.. સૌ પ્રથમ કામ દિવાળીઅંકની જ વાત લઇએ.. દિવાળીનો સમય, જૂના હિસાબો ઉકેલવા, દિવાળીનું વધારાના કામોનો અસહ્ય બોજો, ત્રણેક મહિના અગાઉથી જ જા×ખની ઉઘરાણી, કેટકેટલો સમય વ્યસ્ત રહેતાં હશે? બધુ મેટર સમજીને કોમ્પ્યુટરાઇઝડ કરવું... પ્રુડ રીડીંગ- પેજ મેકીંગ- બાંધણી -કુરિયર ની માથાકુટ, સાથે સાથે કુટુંબ.. દિવાળીની જરૂરીઆત ક્યારેક સદાય પ્રસન્ન રહેતી પત્ની.. અસ્મિતા બની રહે.. શ્રી દિનેશભાઇ નસીબદાર એ રીતે છે કે એમની પત્ની-પુત્રવધુ, શ્રી ડો. મહેશભાઇ, શ્રી ચેતનભાઇ એમની પડખે સાથે છે.

હા, આપણી પવિત્ર ફરજ બની રહે કે સમાચારો તા. ૨૦ પહેલા મળી જાય એ રીતે મોકલીએ, દિવાળીની જાહેરાતોની આપેલ અંતિમ તારીખ પહેલા જાહેરાતો મોકલી આપીએ, અને નવયુગ મળતાંની સાથે જ એક 'અભિનંદન પત્ર' અવશ્ય પાઠવીએ, એમાં માત્રને માત્ર વખાણ જ નહીં, પણ જરૂર જણાય ત્યાં સુધારો અવશ્ય બતાવીએ, એના કારણે એમનો ઉત્સાહ બેવડાય... આ લખનાર છેલ્લાં ૫૩ વર્ષોથી દર મહિને નિયમિત ચૂકયા વગર ભાવ-પ્રતિભાવ આપે છે... ત્યારે કહેવાનું માન થાય છે કે....

'માછલી જેવી હાલત આપણી છે,
જાળ કે જળમાંથી છટકી ક્યાં શકું હું ? ? ?

જય પંચોલી-અમદાવાદ

# સમાજવાડીમાં ખીલેલા પુષ્પ



મુંબઇ શાંતાક્રુઝ નિવાસી શ્રી કૌશલરાજ કિરણભાઇ પંચોલીને ને ત્યાં પુત્રીરત્ન 'ચિ. ધ્યાના'નો જન્મ તા. ૯. ૧. ૨૦૧૬ના રોજ થયો. માતા : રીયાબેન

વ્યારા નિવાસી શ્રી ટોનીકુમાર ભદ્રેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રરત્ન 'ચિ. વિહાન'નો જન્મ તા. ૨૦.૧.૨૦૧૬ના રોજ થયો.
માતા : મનાલીબેન



# હેપી બર્થ ડે......



શ્રી સુરત સમસ્ત પંચોલી પંચના પ્રમુખ શ્રી મુકેશભાઇ કનૈયાલાલ પંચોલી તા. ૨૯.૧.૨૦૧૬ના રોજ ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર પંચોલી સમાજ અભિનંદન સહ શુભેચ્છાઓ... પાઠવે છે.....

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલા



શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાની સામાન્ય સાધારણ સભા તા. ૧૩.૧૧.૨૦૧૫ના રોજ શ્રી પંચોલી જ્ઞાતિની વાડી-રાજપીપલા ખાતે સવારે ૮.૩૦ કલાકે મળી.

પરિવારમાં ૨૦૧૪ના વર્ષમાં નવા દાખલ થયેલ અને કાયમી સભ્ય શ્રી જગદીશચંદ્ર લલ્લુભાઇ પંચોલીને કન્વીનર શ્રી દિનેશભાઇ એસ. પંચોલીએ ગુલદસ્તો આપી આવકાર્યા. પરિવારના સભ્યોની સંખ્યા ૪૧ની થઇ. કાર્યસૂચી મુજબ મિટિંગની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં જ્ઞાતિના દિવંગતોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી.

તા. ૧૬.૧૦.૨૦૧૪ના રોજ મળેલ ગત વાર્ષિક સભાનો અહેવાલ વંચાણે લઇ સર્વાનુમતે બહાલી આપી તથા ગત વર્ષે ઇનામ વિતરણ અંગે થયેલ પ્રીતિભોજનનો ખર્ચ મંજુર કરી પરિવારના આવક-જાવકના વર્ષ ૨૦૧૪-૧૫ના હિસાબો રજુ કર્યા. તથા આગામી વર્ષમાં થનાર વ્યાજની આવકની હેડ વાઇઝ ફાળવણી કરી. ૨૦૧૪માં નવા દાખલ થયેલા સભ્ય શ્રી જગદીશચંદ્ર પંચોલીને કાયમી સભ્ય કરવા તથા તેઓએ પોતાની હયાતી બાદ કરેલ વારસદારની નિમણૂંક અંગે નોંધ લઇ સભાએ બહાલી આપી. વર્ષ ૨૦૧૫માં સિનિયર સીટીજન બનેલ બે સભ્યો પૈકી શ્રી જગદીશચંદ્ર એલ. પંચોલીનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. મિટિંગમાં હાજર રહેલ નીચે દર્શાવેલ કાયમી સભ્યો લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા દંપતિઓનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું.

| | |
|---|---|
| ૧ ઠાકોરભાઇ વી. પંચોલી | ૨ અનુરાધાબેન બાલકૃષ્ણ પંચોલી |
| ૩ ચેતનકુમાર વી. પંચોલી | ૪ વિજયકુમાર એમ. મપારા |
| ૫ ભુપેન્દ્રભાઇ વી. પંચોલી | ૬ ગિરિશચંદ્ર બી. પંચોલી |
| ૭ જગદીશચંદ્ર એલ. પંચોલી | ૮ સુરેશચંદ્ર જે. પંચોલી |
| ૯ પ્રકાશચંદ્ર એમ. પંચોલી | ૧૦ કિશોરચંદ્ર આર. પંચોલી |
| ૧૧ કિષ્ણકાંત એસ. મપારા | ૧૨ ઇન્દ્રવદન એસ. પંચોલી |
| ૧૩ શૈલેન્દ્ર યુ. પંચોલી | ૧૪ મહેશચંદ્ર ડી. પંચોલી |
| ૧૫ પુષ્પકાંત વી. પંચોલી | ૧૬ દત્તુભાઇ એમ. પંચોલી |
| ૧૭ દિનેશચંદ્ર એસ. પંચોલી | ૧૮ મહેશકુમાર એન. પંચોલી |

અનિવાય સંજોગોને કારણે મિટિંગમાં હાજર ન રહેલ પરંતુ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરેલ હયાત દંપતિનું તેઓના નિવાસ સ્થાને જઇ હોદ્દેદારો તથા સંસ્થાના આદ્યસ્થાપકશ્રીઓએ જઇને કરવું તેવા સભ્યોમાં

| | |
|---|---|
| ૧ અગમશરણ ડી. પંચોલી | ૨ દિનબંધુ એમ. પંચોલી |
| ૩ પ્રવિણભાઇ વી. પંચોલી | ૪ નરેન્દ્રકુમાર એસ. મપારા |
| ૫ કિશોરચંદ્ર સી. પંચોલી | ૬ ગૌતમકુમાર આર. પંચોલી |
| ૭ દિનેશચંદ્ર એન. પંચોલી-રાજપીપલા | |

સિનિયર સીટીજન, લગ્નજીવનના ૨૫ વર્ષ તથા ૫૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તે હયાત દંપતીનું સન્માન કરવા માટે પરિવારને શાલનું દાન આપે છે તે દાતાઓનું સન્માન કરવાના હેતુસર આદ્યસ્થાપકશ્રી ઠાકોરભાઇ વી. પંચોલીના માતૃશ્રી સ્વ. જેકોરબેન તથા પિતાશ્રી વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે તેઓના પરિવારજનો તરફથી હરસિદ્ધિમાતાની મૂર્તિવાળી ચાંદીની મુદ્રા નંગ ૧૨ સ્મૃતિભેટ તરીકે આપવાની ઇચ્છા જાહેર કરી નવ દાતાઓને ચાંદીની મુદ્રા તથા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું.

| | |
|---|---|
| ૧ રસિકભાઇ ડાહ્યાભાઇ પંચોલી | ૨ ઠાકોરભાઇ વી. પંચોલી |
| ૩ પનસભાઇ વી. પંચોલી | ૪ શ્રીમતિ અનુરાધા બી. પંચોલી |
| ૫ દિનેશચંદ્ર એસ. પંચોલી | ૬ જીજ્ઞેશ પી. પંચોલી |
| ૭ શૈલેન્દ્ર યુ. પંચોલી | ૮ ભુપેન્દ્રભાઇ વી. પંચોલી |
| ૯ અરવિંદભાઇ વી. પંચોલી | |

ત્યારબાદ કોઇ કામ બાકી ન રહેતા સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

## શ્રી ઉનાઇ પંચોલી પંચ-ઉનાઇ

તા. ૨૫.૧૨.૨૦૧૫ના રોજ બુહારી મુકામે બાલુભાઇના નિવાસ સ્થાને બપોરે એક કલાકે શ્રી ઉનાઇ પંચોલી પંચની મિટિંગ મળી. જેમાં નીચે પ્રમાણે ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા.

ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવી

ઉનાઇ પંચોલી પંચ છ વર્ષ પૂર્ણ કરી સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

દિવંગત આત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી.

વર્ષ ૨૦૧૬ની વાર્ષિક ફી અંગે ચર્ચા

ઉપપ્રમુખશ્રી ઉપપ્રમુખના પદે રહેવાની નામરજી દર્શાવતા નવા ઉપપ્રમુખની નિમણૂંક કરવી જેમાં નવા ઉપપ્રમુખશ્રી તરીકે શ્રી રજનીભાઇ ડાહ્યાભાઇ પંચોલી-પંચોલની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી. તથા સહમંત્રીની નાદુરસ્ત તબીયત તથા નવસારી મુકામે રહેવા ગયા હોવાથી નવા સહમંત્રીની નિમણૂંક કરવા બાબત ચર્ચા કરતા નવા સહમંત્રી તરીકે સંજયકુમાર રમેશભાઇ પંચોલી-બાજીપુરા અને એમના ખાસ મિત્ર શ્રી હિતેષભાઇ રતીલાલ પંચોલી-બાજીપુરાની વરણી કરવામાં આવી.

દેવજીપુરા(સોનગઢ)ના સભ્યો કાયમ મિટિંગમાં ગેરહાજર રહેતા હોય એમનો સંપર્ક કરવો. એકમના દરેક સભ્યોને ત્યાં શુભપ્રસંગ આવે તો તેની ખુશાલીમાં એકમને દાન આપી આર્થિક રીતે સહકાર આપવો.

તા. ૨૮.૧૨.૨૦૧૫ના રોજ નીચે મુજબનું દાન મળ્યું..

| નામ | ભેટ | વર્ષગાંઠ |
|---|---|---|
| રમેશભાઇ ભીખુભાઇ પંચોલી | ૨૫૦ | ૧૦૦ |
| ભૂપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ પંચોલી | ૨૫૦ | ૧૦૦ |
| રજનીભાઇ ડાહ્યાભાઇ પંચોલી | ૨૫૦ | ૧૦૦ |
| નરેન્દ્રભાઇ બાપાલાલ પંચોલી | ૨૫૦ | ૧૦૦ |
| નરેન્દ્રભાઇ મોહનભાઇ પંચોલી | ૨૫૦૧૦૦ | રજનીકાંત |
| રતીલાલ પંચોલી | ૨૫૦ | ૧૦૦ |
| સરોજબેન પિતાંબરદાસ પંચોલી | ૨૫૦ | |
| બાલુભાઇ ભૂલાભાઇ પંચોલી | ૨૫૦ | ૧૦૦ |
| હિતેશભાઇ રતીલાલ પંચોલી | ૨૫૦ | |

આવો જ સહકાર કાયમ મળતો રહેશે એવી આશા સાથે દાતાઓનો આભાર વ્યકત કર્યો..

## શ્રી પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર

તા. ૩.૧.૨૦૧૬ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરનો સ્નેહમીલન સમારંભ તથા તેજસ્વી તારલાઓને ઇનામ વિતરણનો કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે શ્રવણ વિદ્યાલય મુકામે યોજવામાં આવ્યો હતો.

પ્રથમ શૈલી અને નિષ્ટાની પ્રાર્થનાથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવ્યું ત્યારબાદ અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી જેસલભાઇ, મંત્રીશ્રી ડો. વિસ્મયભાઇ તથા તેજસ્વી તારલાઓને ઇનામ વિતરણના સ્પોન્સર સ્વ. જેકોરબેન અને સ્વ. વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલી પરિવારના શ્રીમતિ જ્યોતિબેન ચેતનભાઇ પંચોલી, મહિલા મંડળના પ્રમુખ અનુરાધાબેન તથા મંત્રી શ્રીમતિ મીનાબેન છગનભાઇ મિસ્ત્રી તથા 'કર્મના સિદ્ધાંત' પર પ્રવચન આપનાર વકતા શ્રી વિરલભાઇ શાહને ડાયસ પર બીરાજવા આમંત્રણ આપ્યું. પ્રમુખશ્રી જેસલભાઇએ સ્વાગત પ્રવચન કરી સર્વે જ્ઞાતિજનોને આવકાર્યા તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. શ્રી વિરલભાઇનું જેસલભાઇએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. ત્યારબાદ શ્રી વિરલભાઇ શાહે સુંદર સંગીતમય શૈલીમા 'કર્મના સિદ્ધાંત પર' સુંદર પ્રવચન આપ્યું દોઢ કલાક સુધી સૌને ભકિતમય વાતાવરણમાં જકડી રાખ્યા.

વર્ષ ૨૦૧૪-૧૫ના તેજસ્વી તારલાઓને ડાયસ પર બીરાજેલ મહાનુભાવો દ્વારા ઇનામો આપી નવાજ્યા.

| ધોરણ | નામ |
|---|---|
| સી.કે.જી | અક્ષત મલયકુમાર મિસ્ત્રી |
| | નિધિ પંચોલી |
| ૧ | પ્રયાગ પરેશભાઇ મિસ્ત્રી |
| ૨ | નિષ્ઠા જેસલભાઇ મિસ્ત્રી |
| ૩ | દેવકુમાર ગોપાલભાઇ પંચોલી |
| | હેનીલ ચેતનકુમાર પંચોલી |
| | તસ્મય પરેશભાઇ મિસ્ત્રી |
| ૪ | શુભમ પ્રશાંતભાઇ પંચોલી |
| | શિવાંગ પંચોલી |
| | તિર્થ ધર્મેશકુમાર પંચોલી |
| ૫ | નેહા હિતેશભાઇ પંચોલી |
| ૬ | ઓમ રાકેશભાઇ પંચોલી |
| | રિદ્ધિ સંજયભાઇ પંચોલી |
| | વૈષ્ણવી મિસ્ત્રી |
| ૭ | શૈલી જેસલભાઇ મિસ્ત્રી |
| ૮ | ચિરાગ કેતનકુમાર પંચોલી |
| | વૃશાલી નિલેશભાઇ મહેતા |
| | સ્મીત સંજયકુમાર પંચોલી |
| | ભાવિક ગજેન્દ્રકુમાર પંચોલી |
| ૧૦ | ઉત્સવ પારસભાઇ મિસ્ત્રી |
| | ધ્રુવ મુકેશભાઇ મિસ્ત્રી |
| | દિતી રાજેશભાઇ પંચોલી |
| ૧૨ | અશેષ જયેન્દ્રભાઇ પંચોલી |

વિવિધ મનોરંજન પોગ્રામ બાળકો દ્વારા કરવામાં આવ્યા. ડો. મહેશભાઇ મિસ્ત્રીએ મહિલા મંડળ અંતરગત 'મધર અને ચાઇલ્ડ કેર' વિશે સુંદર અને વિસ્તૃત માહિતી આપી.

રૂા. ૧૦૦૦/- મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી બાળકોને ઇનામ વિતરણ માટે મળ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિનેશભાઇ મિસ્ત્રીએ કર્યુ હતું. અંતમાં સુંદર ભોજનને ન્યાય સૌ છુટા પડયા.

## શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇ

મુંબઇ શાંતાક્રુઝ નિવાસી શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલીના સુપુત્ર ચિ. જયના શુભલગ્ન બિનીતા સાથે તા. ૬.૧૨.૨૦૧૫ના રોજ થયા તે નિમિત્તે રૂા. ૨,૨૨૨/- શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ, રૂા. ૧,૧૧૧/- પંચોલી ભગીની સમાજ મુંબઇ, રૂા. ૫૦૧/- આવિષકાર ગ્રુપ મુંબઇને આપ્યા છે....

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને મળેલી ભેટ

રૂા. ૧,૦૦૧/- મુંબઇ દુભાષલેન નિવાસી શ્રી રાજેન્દ્રભાઇ રમેશચંદ્ર પંચોલીની સુપુત્રી ચિ. બિનીતાના શુભ લગ્ન જય સાથે તા. ૬.૧૨.૨૦૧૫ના રોજ થયા તે નિમિત્તે.

નવયુગ શુભચિંતક હું પૂજા દિનેશચંદ્ર કાલીદાસ પંચોલી યુ.કે. શ્રી પંચોલી સમાજ - બોલ્ટન યુ. કે.

રૂા. ૧,૧૧૧/- મુંબઇ બોરીવલી નિવાસી શ્રી જીતેન્દ્રભાઇ ઉત્તમરામ મિસ્ત્રી તરફથી તા. ૧૪.૧૨.૨૦૧૫ના રોજ સુપુત્રી ચિ. શ્રદ્ધાના શુભલગ્ન નિરવ જોડે થયા તે નિમિત્તે.

રૂા. ૫૦૧/- મુંબઇ નિવાસી મહેશભાઇ મિસ્ત્રી તરફથી તા. ૧૪.૧૨.૨૦૧૫ના રોજ સુપુત્ર નિરવના શુભલગ્ન શ્રદ્ધા સાથે થયા તે નિમિત્તે.

રૂા. ૫૦૧/- મુંબઇ મીરારોડ નિવાસી જગદીશકુમાર ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી પુત્ર મયૂરના લગ્ન નિમિત્તે.

રૂા. ૧૦૦૧/- મુંબઇ-વસઇ નિવાસી દિપકભાઇ ચુનીલાલ પંચોલી તરફથી પુત્ર ડેનિસ-રોશનીના લગ્ન નિમિત્તે.

રૂા. ૫૦૦/- સુરત નિવાસી રમેશચંદ્ર મગનલાલ ગજ્જરના સુપુત્ર ચિ. ધવલ-ભૂમિ(ધર્મી)ના શુભલગ્ન નિમિત્તે.

મુંબઇ ખાર રોડ નિવાસી કુમારી મનસ્વી પ્રણયભાઇ કાપડિયા તરફથી શૈક્ષણિક સહાયમાં રૂા. ૨૫૦ ભેટ મળ્યા..

કન્યાદાન : શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેના સ્વજનો તરફથી કુ. ભુમિ ચેતનભાઇ કાપડિયાના તા. ૨૯.૧.૨૦૧૬ના રોજ થયેલ લગ્ન પ્રસંગે કન્યાદાન રૂા. ૩,૦૦૦ આપ્યા.

ઉપરોક્ત સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર.....

## માં

મમ્મી ઓ... મમ્મી તુ હવે ચાલીસની થઇ
જવાબદારીઓ માંથી થોડી થોડી મુક્ત થઇ ગઇ.
સમય તારો આમ ને આમ જતો રહેશે..
મા ક્યારે જીવીશ તુ તારા માટે
બધાના સમય તે ખૂબ સરસ સાચવ્યા
અમારી સ્કૂલનો.... પપ્પાની દુકાનનો..
દાદા-દાદી, ફોઇ-ફુવાની જમવાની સાથે,
નાનામાં નાની જરૂરીઆતનો
દરેકને સુવિદા આપવામાં
ક્યાં તે કદી જોઇ તારી અસુવિધા
મા ક્યારે જીવીશ તું તારા માટે...
સમય સરકતો ઢળતો ગયો.
શારીરીક ક્ષમતા તારી ઓછી થશે..
બધા પોતાની જીંદગીમાં ગોઠવાય જતા જશે..
હંમેશા અમારા આનંદમાં જ તારો આનંદ શોધનારી..
મા ક્યારે જીવીશ તુ તારા માટે...
અને આજે તુ અમારી વચ્ચે નથી
પરંતુ તારા બાળકોના દિલના ધબકારમા
આજેય તારા પ્રેમની આશિષધારા વહાવતી...
માં...ઓ...માં

શીલાબેન એ. પંચોલી-વડોદરા

# કુર્યાત સદા મંગલમ્



મુંબઇ નિવાસી શ્રીમતિ અનુરાધાબેન તથા શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલીના સુપુત્ર ચિ. જયના શુભલગ્ન મુંબઇ પ્રાર્થના સમાજ નિવાસી શ્રીમતિ ઉષાબેન તથા શ્રી રાજેન્દ્ર રમેશચંદ્ર પંચોલીની સુપુત્રી ચિ. બિનીતા સાથે તા. ૬.૧૨.૨૦૧૬ રોજ થયા.



મુંબઇ(બોરીવલી) નિવાસી શ્રીમતિ નલિનીબેન અને શ્રી મહેશકુમાર ભગુભાઇ મિસ્ત્રીના સુપુત્ર ચિ. નિરવના શુભલગ્ન મુંબઇ(બોરીવલી) નિવાસી શ્રીમતિ પ્રતિમાબેન અને શ્રી જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રીની સુપુત્રી ચિ. શ્રદ્ધા સાથે તા. ૧૪.૧૨.૨૦૧૫ રોજ થયા.

# મહિલા સમાચાર......

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૫.૧૨.૨૦૧૫ના રોજ હેમાબેન પંચોલી ત્યાં મિટિંગ મળી. જેમાં ૧૭ બહેનો હાજર રહ્યા હતાં. પ્રથમ સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. નવયુગનું વાંચન કરવામાં આવ્યું. ફરતી લાયબ્રેરી પ્રોજેકટ મુજબ દરેક બહેનો સાથે પુસ્તકની અદલાબદલી કરી.

આ માસમાં આવતી વર્ષગાંઠ અને એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી. અનુરાધાબેન તરફથી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૧ તથા મીનાબેન છગનલાલ મિસ્ત્રી તરફથી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૧ ભેટ મળ્યા.

અનુરાધાબેને જીવનના વર્ષો પ્રમાણે ગુણાકાર, ભાગાકાર, સરવાળા, બાદબાકી કરતાં જવાની અને અહં, મમત્વ, લોભ અને માયાનો ત્યાગ કરવાની વાતો કરી. વનમિનિટ ગેમ રમ્યા.. જેમાં ૫૦ વર્ષથી નીચે માં ગાયત્રીબેન તથા ૫૦ વર્ષથી ઉપરમાં અનુરાધાબેન વિજેતા થયા. અંતમાં અલ્પાહાર અને શરબતને ન્યાય આપી તા. ૨.૧.૨૦૧૬ના રોજ ગાયત્રીબેનને ત્યાં મળવાનું નકકી કરી છુટા પડયા.

તા. ૨.૧.૨૦૧૬ના રોજ ગાયત્રીબેન પંચોલીને ત્યાં મિટિંગ મળી. જેમાં ૨૨ બહેનો હાજર રહ્યા હતાં. પ્રથમ સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી પ્રમુખશ્રી અનુરાધાબેને નવા વર્ષની સર્વે બહેનોને શુભેચ્છાઓ પાઠવી. ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. નવયુગનું વાંચન કરવામાં આવ્યું. ફરતી લાયબ્રેરી પ્રોજેકટ મુજબ દરેક બહેનો સાથે પુસ્તકની અદલાબદલી કરી.

વનમિનિટ ગેમ રમ્યા જેમાં ૫૦ વર્ષ થી ઉપરનામાં મીરાબેન મિસ્રી અને ૫૦ વર્ષ થી નીચેનામાં જાગૃતીબેન ગોપાલભાઇ પંચોલી વિજેતા થયા.આ માસમાં આવતી વર્ષગાંઠ અને એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી. આખા વર્ષ દરમ્યાન જેની વધુ હાજરી હોય તેને ઇનામથી નવાજવા.. જેમાં શ્રીમતિ મીરાબેને ઇનામ આપવાની જાહેરાત કરી જેમાં સોનલબેન મનોજકુમાર પંચોલી અને બીનીતા હેમેન્દ્રકુમાર પંચોલી વિજેતા થયા.

અનુરાધાબેને ડો. અબ્દુલ કલામની પ્રમુખ સ્વામી સાથેના અનુભવોની લખેલ પુસ્તીકા પરાત્પર વિશે વાતો કરી. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૩.૧.૨૦૧૬ના રોજ શ્રવણ વિદ્યાલયમાં અંકલેશ્વર એકમનો સ્નેહ મીલન સમારંભમાં ડો. મહેશભાઇ મિસ્ત્રીએ મધર કેર અને ચાઇલ્ડ કેર વિશે વિસ્તૃત માહિતી આપી મહિલા મંડળનો પ્રોજેકટ કર્યો હતો. મહિલા મંડળ તરફથી ડો. મહેશભાઇનો આભાર



વ્યકત કર્યો હતો.

તા. ૧૧.૧.૨૦૧૬ના રોજ અંકલેશ્વર મહિલા મંડળ તથા સર્જીતા સાહેલી ગ્રુપની બહેનોના સંયુકત ઉપક્રમે અંકલેશ્વરની શૈશવ સ્કૂલ(મંદબુદ્ધિના બાળકોની)માં મીરાબેન તરફથી બાળકોને પતંગ-દોરી તથા ચીકી અને મમરાના લાડુનુ તથા અનુરાધાબેન તરફથી બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા ગરીબ બાળકોની શાળામાં જઇ ૩૫ બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રીતે મકરસંક્રાતિનું પર્વ અલગ રીતે ઉજવ્યું હતું. આમ અંકલેશ્વર મહિલા મંડળે આનંદીબેનનના આપેલ દરેક પ્રોજેકટ તથા વધારાની એકટીવીટી સાથે પૂરા કર્યા હતાં.

## પંચોલી ભગીની સમાજ રાજપીપલા

તા. ૬.૧.૨૦૧૫ના રોજ રેખાબેનના નિવાસ સ્થાને સોળ બહેનોની હાજરી સાથે મિટિંગ મળી. ગણેશ વંદના અને સરસ્વતી વંદનાથી મિટિંગની શરૂઆત કરી. સર્વે બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.

રેખાબેને ત્રપ પ્રશ્નો પૂછયા જેમાં જયશ્રીબેન, ઉષાબેન તથા રાજશ્રીબેન વિજેતા થયા તેમને રેખાબેને સુંદર ઇનામો આપ્યા. શ્રી કિશોરભાઇ પંચોલીએ કોમ્પ્યુટર કલાસ અને બ્યુટીપાર્લરના કલાસ અંગે ચર્ચા કરવામાં આવી. રેખાબેને એકસ્ટ્રા ગેમ રમાડી વિજેતા બેનને ઇનામ આપ્યા. અગામી મિટિંગ નયનાબેનને ત્યાં તા. ૧૭.૨.૧૬ના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું. નીચે મુજબ આજે દાન મળ્યું.
એનીવર્સરી નિમિત્તે રૂા. ૫૧/- પ્રતિભાબેન તરફથી, રૂા. ૫૦/- સ્મૃતિબેન તરફથી, રૂા. ૫૦/- દક્ષાબેન તરફથી, રૂા. ૫૦/- અનસોયાબેન તરફથી મળ્યા. રૂા. ૧૦૧/- છીતાલાલ જેઠાલાલ પંચોલીના સ્મરણાર્થે તથા રૂા. ૨૦૧/- કિશોરભાઇ પંચોલીના માતુશ્રીના સ્મરાર્ણે મળ્યા. અંતમાં જમણને ન્યાય આપી છુટા પડયા.

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને**
**મૂળ નવાપુર નિવાસી શ્રી પ્રવિણભાઈ તથા**
**શ્રીમતી સરસ્વતીબેનની ૫૦મી મેરેજ એનીવર્સરી તથા**
**શ્રી પ્રવિણભાઈની ૭૫મી બર્થ ડે ની ઉજવણી નિમિતે**


શ્રી પ્રવિણભાઈ ગોપાળભાઈ પંચોલી
જન્મ તા. ૩૦/૦૪/૧૯૩૯


શ્રીમતિ સરસ્વતીબેન પ્રવિણભાઈ પંચોલી
જન્મ તા. ૦૭/૦૭/૧૯૪૭

**રૂા. ૧,૫૧,૦૦૦/- શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડ તથા**
**રૂા. ૧,૫૧,૦૦૦/- મેડીકલ વ્યાજ વપરાશ ફંડમાં**
**શ્રીમતી સરસ્વતીબેન અને શ્રી પ્રવિણભાઈ**
**ગોપાળભાઈ પંચોલી, લેસ્ટર તરફથી મળ્યા.**
**શુભેચ્છક**


દક્ષા(પુત્રી)


બળવંત (જમાઇ)


દિપક (પુત્ર)


જયશ્રી (પુત્રવધુ)


લીયા (પૌત્રી)


માયા (પૌત્રી)


ઇશીકા (પૌત્રી)


શિવમ (પુત્ર)


ચંદનબેન (માતા)


મનીષ (પુત્ર)


રમણબેન (સાસુમા)

3, STONEHAVEN ROAD, RUSHEY MEAD,
LEICESTER, LE4 7PR, UK. TEL. (0116) 266 7500

# એક વાર જાવું હરીના ધામમાં



વ્યારા નિવાસી તથા મહામંડળના માજી મહામંત્રી તથા અજાનચી બૉર્ડ અધ્યક્ષ શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચૉલીના માતુશ્રી શારદાબૅન તા. ૮.૧.૨૦૧૬ના રૉજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી ગણપતભાઇ નરૉત્તમદાસ પંચૉલી તા. ૨૧.૧૨.૨૦૧૫ના રૉજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી અ.સૌ. ઇન્દિરાબૅન નવિનચંદ્ર પંચૉલી તા. ૬.૧.૨૦૧૬ના રૉજ હરીના ધામમાં ગયા.



રાજપીપલા નિવાસી મધુબૅન રસિકલાલ પંચૉલી તા. ૧૩.૦૧.૨૦૧૬ના રૉજ હરીના ધામમાં ગયા. ઉંવ. ૧૦૦

દિવંગત આત્માનૅ પ્રભુ શાંતિ અર્પે તથા ઍમના સ્વજનૉ પર આવી પડૅલ આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપૅ.. ઍજ પ્રાર્થના...

**નવયુગ તંત્રીશ્રી**
**દિનેશભાઈનો ફોન નંબર**
**૯૮૨૪૧ ૭૧૯૩૦**

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૫૧/- મુંબઇ મીરારોડ નિવાસી શ્રીમતિ મધુબેન તથા શ્રી જગદીશકુમાર ગોવિંદદાસ મિસ્ત્રીના સુપુત્ર ચિ. મયુરના શુભ લગ્ન નિમિત્તે.

રૂા. ૧૫૧/- અંકલેશ્વર નિવાસી રાજનકુમાર દલપતભાઇ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે.

રૂા. ૧૫૧/- રાજપીપલા નિવાસી શ્રી પ્રવિણભાઇ મૂળજીભાઇ પંચોલી તરફથી ચિ. માનવના જન્મદિન નિમિત્તે તથા હેતાંશના જન્મ નિમિત્તે.

રૂા. ૧૦૧/- ગણદેવી નિવાસી હિતેશકુમાર ઇશ્વરભાઇ પંચોલી તરફથી પુત્રી નિધિની વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી મયૂરભાઇ અશોકભાઇ ગાંધી તરફથી ચિ. તનીશાની વર્ષગાંઠ નિમિત્તે...

## હેપી બર્થડે



દિઆ નિરવકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૭.૧.૨૦૧૪



નિધિ હિતેશભાઇ
પંચોલી-ગણદેવી
તા. ૧૬.૦૧.૨૦૧૫



વિહાન વિશાલકુમાર
મિસ્ત્રી-બીલીમોરા
તા. ૨.૦૧.૨૦૧૫



તનીશા મયૂરભાઇ
ગાંધી-વ્યારા
તા. ૧૯.૦૨.૨૦૦૬

નવયુગ શુભચિંતક શ્રી અમૃતલાલ છગનલાલ પંચોલી મુંબઇ શ્રી ચુનીલાલ છગનલાલ પંચોલી મુંબઇ

Book-Post

*Printed Book*

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**